ॐ

॥ वीतरागाय नमः ॥

॥ परमोपकारी कहानगुरुदेवाय नमः ॥

॥ वन्दे भगवती मातरम् ॥

# મંગલ સમ્યક્‌વાણી

## ભાગ – 3

**(પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મુમુક્ષુઓ સાથે થયેલી તત્ત્વચર્ચા વિષયાનુસાર) (ટ્રેક નં. ૪૧-૭૦)**

## ટ્રેક નં. ૪૧ : પુરુષાર્થ વિષે

✻ પૂજ્ય બહેનશ્રી તો એક જ મંત્ર આપતા. 'પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરો', ક્યો પુરુષાર્થ? તે સાંભળીએ પૂજ્ય બહેનશ્રીની તત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : તું જાગ રે ચેતન પ્રાણી, કર આતમકી અગવાની,
જો આતમ કો લખતે હૈ, ઉનકી હૈ અમર કહાની (૨)

✻ પ્રશ્ન : જિજ્ઞાસુ જીવ ક્યા સાધનથી આગળ જાય?

● ઉત્તર : એ નક્કી કરે કે 'હું આ ચેતન જ છું, હું અનાદિ અનંત શુદ્ધ સ્વરૂપ છું, આ બીજો વિભાવ સ્વભાવ મારો નથી.' એમ પોતે સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે કે 'આ સ્વભાવ મારો છે, આ વિભાવ છે'. એનો ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે. સ્વભાવને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે. ઈ નક્કી કરે કે, 'હું આ ચૈતન્ય જ છું' એમ બુદ્ધિથી નક્કી કરે, પછી એને જુદો પાડવાનો પ્રયત્ન કરે. એને માટેની જિજ્ઞાસા, એની ચૈતન્યની મહિમા કરે, એ બધું કરે, અંતરની લગની લગાડે. કેમ ભેદજ્ઞાન થાય? સ્વભાવ વિભાવ કેમ જુદો પડે? એમ

એના સાધન એટલે બુદ્ધિથી નક્કી કરીને એનો અભ્યાસ કરે. એમ બુદ્ધિથી નક્કી કરતાં એને સહજ પ્રગટ થવાનો કોઈ પુરુષાર્થ ઉપડે તો. કોઈ એને પ્રકાર બની જાય યથાર્થ પુરુષાર્થ ઉપડે તો. માર્ગ તો ઈ જ છે. નક્કી પોતાને જ કરવાનું છે. પહેલા બુદ્ધિથી નક્કી કરે કે 'આ જ્ઞાન સ્વભાવ હું' એમ શાસ્ત્રમાં આવે છે. એમ પ્રતીતથી નક્કી કરે, પછી પ્રગટ થવાનો પ્રયત્ન કરે, કે મતિ ને શ્રુતથી નક્કી કરે કે 'આ જ્ઞાન સ્વભાવ તે હું, બીજું નથી.' પછી એને પ્રગટ પ્રસિદ્ધિ કેમ થાય? એનો પ્રયાસ કરે વારંવાર અને શુભ ભાવનામાં દેવ, ગુરુ, શાસ્ત્ર અને અંતરમાં 'હું શુદ્ધ આત્મા' એનો વારંવાર એનો અભ્યાસ કરે શુદ્ધ આત્માનો. અંદર અંતર જઈને, અંદર જઈને જુએ, અંદર પ્રવેશ કરીને જુએ કે 'હું શુદ્ધ'. પ્રવેશ કરીને તો જોઈ શકતો નથી યથાર્થ પ્રગટ થયું નથી એટલે બુદ્ધિથી નક્કી કરે. ઓલામાં આવે છે ને કે ભૂતાર્થ દૃષ્ટિથી જુએ કે અંદર પ્રવેશ કરીને નક્કી કરે, એની સમીપ જઈને નક્કી કરે કે ભૂતાર્થ દૃષ્ટિથી કે 'હું આ શુદ્ધ છું', અભૂતાર્થથી બધું યથાર્થ છે અને ભૂતાર્થદૃષ્ટિથી આત્મા ભૂતાર્થ છે. શુદ્ધ આત્મા અનાદિથી છે. એની સમીપ જઈને અંદર પ્રવેશ કરે, પ્રવેશ કરી શકતો નથી તેથી બુદ્ધિથી નક્કી કરે. ૧.

*** પ્રશ્ન : આપને સહજ ફરમાયા તો સહજીક ઔર પુરુષાર્થ યે દોનોં અલગ અલગ ચીજ હૈ કિ એક હી ચીજ હૈ?**

● ઉત્તર : પુરુષાર્થ ઔર સહજ યે દોનોં અલગ હૈ. પુરુષાર્થ કરના. સહજ પુરુષાર્થ. સહજ કબ હોતા હૈ? સહજ સ્વભાવ, સહજ ગુણ, જ્ઞાન ગુણ, દર્શન ગુણ સહિત સહજ સ્વભાવ હૈ. અનાદિ અનંત સહજ પદાર્થ સ્વતઃ સિદ્ધ, કોઈ બનાયા નહીં ઐસા સહજ હૈ. દ્રવ્ય સહજ હૈ. ગુણ સહજ હૈ. સબ સહજ હૈ. પર્યાય સહજ હૈ. ઐસે પુરુષાર્થ સહજ હોના ચાહિયે. ઐસે જ્ઞાન ગુણ ભી સહજ હૈ. ઐસે સ્વતઃ સિદ્ધ હૈ ઉસકો સહજ કહનેમેં આતા હૈ. ઐસે પુરુષાર્થ ભી સહજ હોના ચાહિયે. વિકલ્પસે કરકે, કૃત્રિમ કરકે 'મૈં યહ હૂં, મૈં યહ

હૂં' વિચાર કરકે નક્કી કર, પહેલે તો ઐસે વિચાર કરકે નક્કી કરના. પીછે ઐસી દશા હી ઐસી હો જાય. જૈસે રાગદ્વેષ અનાદિકા અભ્યાસ હો તો ઈસકો વિકલ્પ કરના નહીં પડતા. એ તો સહજ-ઈસકા વેગ રહતા હૈ તો અનાદિકા વેગ ચલતા હૈ તો યે ઐસા સહજ જૈસા હો ગયા, યહ તો વાસ્તવિક વિભાવ હૈ. એ તો વાસ્તવિક સહજ નહીં, યહ તો કૃત્રિમ હૈ. યહ તો વિભાવ હૈ. ઉસકા સ્વભાવ હૈ, વહ સહજ હૈ. પરંતુ ઈસકા અભ્યાસ સહજ હોના ચાહિયે. પુરુષાર્થ-પુરુષાર્થ સહજ હોના ચાહિયે. સ્વભાવ સહજ તો અનાદિ અનંત હૈ. પુરુષાર્થ સહજ હોના ચાહિયે. પુરુષાર્થ કૃત્રિમ કરકે હઠ કરકે કરે તો હઠસે નહિ હોતા. સહજ ઐસા અંતરમેં ઐસા લગે. વારંવાર પરિણતિ ઉસી તરફ ચલી જાય. પુરુષાર્થકી પરિણતિ ચલી જાય ઐસે પુરુષાર્થ કર લેના ચાહિયે. પુરુષાર્થ સહજ હોના ચાહિયે. સહજ એટલે સ્વતઃ. સ્વતઃ એટલે દ્રવ્ય ભી સહજ, ગુણ સહજ, પણ એ તો પુરુષાર્થ સહજ હોના ચાહિયે. ૨.

**✻ પ્રશ્ન : ઐસે કહતે હૈ જૈસે રાગદ્વેષ કરના સહજ હો ગયા હૈ ને? ઐસી સહજતા? (પુરુષાર્થમેં)**

● ઉત્તર : ઐસી સહજતા (હોની ચાહિયે). ૩.

**✻ પ્રશ્ન : પોતાના પ્રયોગમાં શરીરથી ભિન્નતાનો પ્રયોગ તો કોઈ ઠેકાણે આવતો જ નથી.**

● ઉત્તર : વિભાવથી ભિન્ન એમાં શરીરની ભિન્નતા ભેગી આવી જ જાય છે. એ તો એનો ક્રમ લીધો છે કે પહેલા શરીરથી હું જુદો ઈ તો સ્થૂળ. શરીર ને પોતાનું માનનારો તો એકદમ સ્થૂળ ઉપયોગ છે. એટલે શરીરથી જુદો માને એનો ક્રમ પ્રથમમાં. આનાથી જુદો પાડ, પછી આનાથી જુદો પાડ. શરીરને પોતે એક માને છે એને એમ કહે છે કે તું શરીરથી જુદો છે. શરીરથી જુદો ગ્રહણ કર અને પછી અંદર વિકલ્પથી જુદો ગ્રહણ કર. વિકલ્પથી જુદો પાડનારને તો એમ કહે છે કે તું શરીરથી તો જુદો જ છો એ તો પહેલા નક્કી તો

એમાં ભેગું આવી જ જાય છે. વિકલ્પથી જુદા પાડે એમાં શરીરથી જુદો તો એમાં પહેલું છે. શરીરથી જુદો પહેલા આવી જ જાય છે. શરીરને પોતાનું માને તો એકદમ સ્થૂળ છે. શરીરથી જુદો 'હું જ્ઞાન સ્વરૂપ છું', પછી વિકલ્પથી, વિભાવની મલિનતાથી જુદો છું. 'સુબુદ્ધિકો વિલાસ' એમાં જે શુભભાવનો જે અંદર આવે એ શ્રુતજ્ઞાન અને વિકલ્પ-શુભભાવ મિશ્રીત હોય એનાથી જુદો પોતાનો સ્વભાવ છે. શુભભાવ મિશ્રિત જે ભાવ હોય ઈ પણ તારો મૂળ, શાંત, અનાદિ અનંત સ્વભાવ નથી. શુભભાવ છે. અધૂરી જ્ઞાનની પર્યાયો દેખાય એટલા પૂરતો તું નથી. તું શાશ્વત છો. વિભાવથી જુદો પાડયો એટલે એમાં દ્રવ્ય કર્મથી જુદો તો આવી જ ગયો પહેલો. ને આ શરીર તો સ્થૂળ છે. શરીરને એક માને એને તો ઘણું આઘું જવાનું છે. 'શરીરથી જુદો છું.' એ તો હજી સ્થૂળ છે. વિકલ્પથી જુદો પડે ઈ ખરું છે. પછી એમાં શુભ અને અશુભ—બેય ભાવથી (જુદો પડે). જેમાં 'જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું' એ વિકલ્પના ભેદો આવે. એવા ગુણોના ભેદો આવે. એ ગુણના ભેદો આવે એવું તારું અખંડ સ્વરૂપ, એવું ભેદવાળું નથી. તારા ગુણ કાંઈ અંદર ખંડ ખંડ કટકારૂપે નથી. તું તો અખંડ છો. હવે ઈ ભેદને ગૌણ કરીને પોતે અખંડ ઉપર દૃષ્ટિ કરે. દૃષ્ટિના બળે કરીને એને ભેદજ્ઞાનની ઉગ્રતા થાય, જ્ઞાયકની ઉગ્રતા થાય તો વિકલ્પ તૂટવાનો પ્રસંગ આવે છે. તો એને સહેલું પડે છે. વિકલ્પથી છૂટો પડે એ (એનો પુરુષાર્થ છે.) ૪.

**✻ પ્રશ્ન : બહાર દુ:ખ લગતા નહીં હૈ ઔર આત્માકા પતા નહીં, વર્તમાન પર્યાય તો દુ:ખરૂપ હૈ. આત્મા ચેતન ત્રિકાળી હૈ ઐસા અનુભવ કરનેસે સુખ હોતા હૈ. તો કૈસા આત્મા? પતા નહીં પડતા હૈ?**

● ઉત્તર : વર્તમાન પર્યાયમેં દુ:ખ નહીં લાગે તો ભીતર ક્યોં જાય? જિસકો અંતર વેદના હૈ ઉસકો 'યહ વિભાવ અચ્છા નહીં હૈ. મેરા સ્વભાવ અચ્છા હૈ.' ઐસી રુચિ તો હોના ચાહિયે. રુચિ વગર

ભીતર મૈં નહીં જા સકતા હૈ. યહ રુચિ હોના ચાહિયે. યહ કરને લાયક નહીં, યહ યથાર્થ નહીં, યહ દુઃખરૂપ હૈ. એ (યહ) સ્વભાવ સુખ રૂપ હૈ. ઐસી રુચિ તો હોના ચાહિયે. યથાર્થ સ્વભાવકો ગ્રહણ પીછે કરે પણ રુચિ તો હોના ચાહિયે. યહ વિપરીતતા, અશુચિરૂપ, આકુળતારૂપ, દુઃખરૂપ, દુઃખના કારણો, યહ સબ દુઃખરૂપ હૈ. દુઃખકા કારણ હૈ ઐસા તો હોના ચાહિયે. જો આત્માર્થી હોતા હૈ. આત્માકા જિસકો પ્રયોજન હૈ, વિભાવ ઈસકો અચ્છા નહીં લગતા હૈ ઉસકો. યહ દુઃખરૂપ હૈ, યહ અચ્છા નહીં હૈ, યહ વિભાવ અચ્છા નહીં, મેરા સ્વભાવ હી સુખરૂપ હૈ. ઈસકો ઐસી રુચિ તો હોના ચાહિયે. પીછે ઐસા જ્ઞાન ઔર પ્રતીત વિચાર કરકે દૃઢ કરે પણ રુચિ તો હોના ચાહિયે. રુચિ નહીં હોતી તો આગળ નહીં હો સકતા હૈ. મેરે આત્માકા કલ્યાણ કરના હૈ. આત્મામેં સર્વસ્વ હૈ, યહ વિભાવ અચ્છા નહીં ઐસા હોના ચાહિયે. 'મૈં આત્મા ત્રિકાળ શાશ્વત હું'. એ પછી વિચાર કરકે નક્કી (કરે). ઐસા લક્ષણસે નક્કી કરતા હૈ કે યે જ્ઞાન હૈ, યે સુખરૂપ હૈ. જ્ઞાનમેં આકુળતા નહીં, યહ જ્ઞાન સુખરૂપ હૈ. ગુરુ કહેતા હૈ, દેવ કહેતા હૈ, શાસ્ત્રમેં આતા હૈ વિચાર કરકે યહ યુક્તિસે, ન્યાયસે, જ્ઞાન લક્ષણસે પીછાન લેના ચાહિયે. રુચિ તો હોના હી ચાહિયે. સ્વ તરફકી રુચિ બિના આગળ નહીં જા સકતા. દુઃખ તો આત્માર્થીકો લગતા હી હૈ. યહ અચ્છા નહીં હૈ. વર્તમાન પર્યાય જો ચલતી હૈ વો અચ્છા નહીં હૈ પણ સ્વભાવ અચ્છા હૈ-ઐસી રુચિ તો હોના ચાહિયે. જિસકો વિભાવ અચ્છા લગતા હૈ (વહ) આગળ નહીં જા સકતા હૈ. વો ચૈતન્ય તત્વકો, વિશેષ ભેદભાવ ગૌણ કરકે, શુદ્ધ આત્માકી પર્યાય પ્રગટ હોતી હૈ. વો પર્યાય વિભાવકી ગૌણ હો જાતી હૈ. 'મૈં ચૈતન્ય શુદ્ધ આત્મા હૂં' ઐસી પ્રતીતકો દૃઢ કરના ચાહિયે. ઐસા જ્ઞાન કરના ચાહિયે. ઐસી લીનતા હોની ચાહિયે. તો સ્વાનુભૂતિ હોવે. મેં વારંવાર 'જ્ઞાયક હું, જ્ઞાયક હું' ઐસા વિચાર કરકે લક્ષણ પીછાનકે ઐસે વારંવાર યથાર્થ પીછાને તો ભી ઈસકા

અભ્યાસ કરના ચાહિયે. યે અચ્છા નહીં. મૈં ચૈતન્ય જ્ઞાયક હું. સામાન્ય સ્વરૂપ અનાદિ અનંત, ગુણકા ભેદ, પર્યાયકા ભેદ પર દૃષ્ટિ નહીં કરકે 'મૈં ચૈતન્ય હું, જિસમેં ગુણ હૈ, પર્યાય હૈ' તો પણ એ દૃષ્ટિ તો અખંડ પર રખના ચાહિયે. જ્ઞાન સબકા હોતા હૈ. પણ દૃષ્ટિ એક અખંડ ચૈતન્ય, સામાન્ય તરફ હોતી હૈ. એ દ્રવ્યદૃષ્ટિકે બળસે ઈસમેં લીનતા દૃષ્ટિકા સમ્યક્દર્શન ઉસમેં સબ નહીં હો જાતા. ઉસમેં લીનતા-ચારિત્ર સ્વરૂપ રમણતા. લીનતા બાકી રહેતી હૈ. મુનિ છઠે-સાતમેં ગુણસ્થાનમેં ઝૂલતે હૈં. (તબ) લીનતા વિશેષ હો જાતી હૈ. સમ્યક્ દૃષ્ટિકો ઈતની લીનતા નહીં હોતી. તભી ઈસકો સ્વાનુભૂતિ હોતી હૈ. સ્વરૂપ આચરણ ચારિત્ર હોતા હૈ. ભેદજ્ઞાનકી ધારા સ્વાનુભૂતિસે બાહર આવે તો ભેદજ્ઞાનકી ધારા, ક્ષણે ક્ષણે ક્ષણ ક્ષણ. ક્ષણે ક્ષણે, ખાતાં–પીતાં, જાગતા સ્વપ્નમાં ભેદજ્ઞાનકી ધારા-જ્ઞાયકધારા, ઉદયધારા દો (બે) ધારા ભિન્ન ચલતી હૈ. કોઈ કોઈ વાર સ્વાનુભૂતિ રહેતી હૈ. નિર્વિકલ્પ સ્વાનુભૂતિસે બહાર આવે તો ભેદજ્ઞાનકી ધારા. પહેલે ઈસકી મહિમા કરની ચાહિયે. લગની કરની ચાહિયે. તત્વકા વિચાર કરના ચાહિયે. આત્માકા સ્વભાવ પીછાનના ચાહિયે. આત્માકા જ્ઞાનલક્ષણ ઈસમેં 'જ્ઞાયક હું, મૈં અખંડ જ્ઞાયક હું'—ઐસા વિચાર કરકે ઈસકો ગ્રહણ કરના ચાહિયે. ઈસકા ભેદજ્ઞાનકા અભ્યાસ કરના ચાહિયે. 'મૈં ચૈતન્ય અખંડ હું' મૈં વિભાવસે ભી ઔર ગુણભેદ, પર્યાય ભેદ. યહ ભેદ ભી વિકલ્પ ઈસમેં આતા હૈ. યહ વાસ્તવિક ભેદ આત્મામેં નહીં હૈ. આત્મા અખંડ હૈ, ઈસમેં જ્ઞાન, દર્શન, ચારિત્ર સબ હૈ પણ લક્ષણ ભિન્ન ભલે કહો વસ્તુ એક હૈ. ઉસકા નિર્ણય કરકે પ્રતીત કરના ચાહિયે. ઉસમેં લીનતા કરના ચાહિયે. ૫.

**✻ પ્રશ્ન : માતાજી, શરૂઆત જ અઘરી હશે કે આખો માર્ગ જ એ પ્રમાણે પુરુષાર્થની ઉગ્રતા જોઈએ?**

● ઉત્તર : પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. શ્રીમદ્માં આવે છે

ને! પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. પહેલી ભૂમિકા જે અનાદિથી એને એકત્વબુદ્ધિ ગાઢ થઈ ગઈ છે. એમાંથી એને પસાર થવું વિકટ લાગે છે. પછી તો એને એ માર્ગ છે તે સુગમ છે. પોતાનો સ્વભાવ છે. પોતાના સહજ સ્વભાવને ઓળખ્યો અને એને પ્રગટ થયો પછી માર્ગ એને સહજ અને સુગમ છે. જેવી પહેલી ભૂમિકા કઠણ રહે છે એવી એની દરેક ભૂમિકા એવી કઠણ નથી હોતી. બાકી (પુરુષાર્થની) ધારા તો બધામાં ચાલુ જ રાખવી પડે છે. પુરુષાર્થની ધારા તો. પણ પહેલી ભૂમિકા વિકટ હોય છે. ૬.

**✻ પ્રશ્ન : (પુરુષાર્થ) ટકાવી રાખવો વિકટ છે?**

● ઉત્તર : પામવું વિકટ છે. પામવા ને ટકાવી રાખવી એ પણ અનંતો પુરુષાર્થ માગે છે. પામવા ને ટકાવી રાખવી, એ પોતાના પુરુષાર્થથી, પણ પામવું વધારે વિકટ છે. પામ્યા પછી ટકાવવાનું વિકટ છે. પણ જેને પુરુષાર્થ ચાલતો હોય તેને વિકટ નથી. જેનો પુરુષાર્થ છૂટી જાતો હોય એને વિકટ છે. પુરુષાર્થ જેને ચાલતો હોય એને વિકટ નથી. પુરુષાર્થ ન ચાલે એને વિકટ છે. ટકાવવો એને વિકટ છે. જે અપ્રતિહત ધારાએ ઉપડ્યો હોય બધું યથાર્થ—ચારે પડખેથી ઉપડેલો હોય એને ટકાવવું વિકટ નથી, પણ જે ચારે પડખેથી ઉપડ્યો ન હોય તો એને વિકટ છે. પણ પહેલી ભૂમિકા વધારે વિકટ છે. ૭.

❀ બહેનશ્રી : મૂળમાં તો એ વિકલ્પ તૂટી જાય તો આવે છે. પણ પહેલા એને વિચાર કરી ને નિર્ણય કરે તેને પણ મહિમા આવે છે. પણ યથાર્થ મહિમા તો એમાં એ લીન થાય. સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય તો એને યથાર્થ મહિમા આવે છે. એને તો પહેલાં નક્કી કરે છે વિચારીને, એ નક્કી વિચારીને કરે છે પણ તોય મહિમા આવે છે એને. અનંતા મોક્ષ ગયા છે. પોતાના સ્વભાવ છે માટે અનંતાએ ભેદજ્ઞાન પ્રગટ કર્યું. ચારિત્ર દશા પ્રગટ કરી, અનંતા મોક્ષ ગયા. પોતાનો સ્વભાવ છે માટે ગયા. પહેલા વિકટ લાગ્યો. વિકટ હોવા

છતાં ન બની શકે એવું નથી, એમ. વિકટ છે પણ બની શકે નહીં તેવું નથી પોતે પુરુષાર્થ કરે તો થઈ શકે એવું છે. ૮.

✻ પ્રશ્ન : પ્રયત્ન ચાલુ રાખવો?

● ઉત્તર : પ્રયત્ન ચાલુ રાખવો. ચારેબાજુથી ઊપડ્યો ન હોય, કોઈ કારણસર ઉપડ્યો હોય તો, એને પુરુષાર્થ મંદ થવાનું કારણ બને છે. ચારે પડખેથી ઊપડ્યો હોય એને પુરુષાર્થની ધારા ચાલું છે. તો પણ પુરુષાર્થ તો એને ઠેઠ સુધી અપ્રતિહત ધારાએ એને પુરુષાર્થ તો કરવો જ પડે છે. ૯.

✻ પ્રશ્ન : ઉગ્રધારાએ?

● ઉત્તર : ઉગ્રધારાએ કરે છે પણ એને સહજ છે. હઠપૂર્વક નથી. ઉપાડ એવી રીતે જ છે. ૧૦.

✻ પ્રશ્ન : પુરુષાર્થ એવો પણ હોય કે સમ્યક્‌દર્શન થાય અને પાછો (ઓછો થાય?)

● ઉત્તર : પાછો પુરુષાર્થ ઓછો થઈ જાય એવું થઈ જાય. ઉપાડ ઉપાડમાં ફેર હોય છે. ૧૧.

✻ પ્રશ્ન : આત્મસ્વરૂપમાં પ્રવેશ કરતી વખતે પહેલી વાર જ્યારે પ્રવેશ કરે ઈ વખતે પુરુષાર્થ કેવો હોય? અને સ્થિરતા વખતે નિર્વિકલ્પ પુરુષાર્થ (કેવો હોય)? એ વચ્ચે-બે પુરુષાર્થમાં શું ફેર છે?

● ઉત્તર : પ્રવેશ કરતી વખતે તો એને વિકલ્પ છે હજી. એને દૃષ્ટિનો વિષય જોરદાર છે. પોતે શુદ્ધ આત્મા છે. વિકલ્પ તરફથી એની પરિણતિ છૂટતી જાય છે. સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. એમાં ઠરતો જાય છે. એ તરફ એને જોર છે. દૃષ્ટિમાં જોર, 'હું શુદ્ધ આત્મા છું' ને પોતે પોતાના સ્વરૂપમાં ઠરતો જાય છે. વિકલ્પ તરફથી હટતો જાય છે ને શુદ્ધ આત્મામાં ઠરતો જાય છે. પણ જે નિર્વિકલ્પ અવસ્થા એ તો સહજ છે. એમાં એને 'પુરુષાર્થ કરું છું કે આ તરફ આવું છું.' એવું તો કાંઈ નથી. જે પરિણતિ, જે પહેલા પુરુષાર્થ થયો ને વિકલ્પથી છૂટ્યો અને નિર્વિકલ્પ અવસ્થામાં સહજ પરિણતિ પ્રગટ

થઈ. એને વિકલ્પ કે સાધ્ય સાધક કે 'હું પુરુષાર્થ કરું ને આ પુરુષાર્થ' (એવો વિકલ્પ) એવી જાતનો નથી. એ વિકલ્પ સહજ પરિણતિ પ્રગટ થઈ ગઈ. ૧૨.

✻ પ્રશ્ન : સ્થિરતા ટકતી હશે ? કે કંઈ પુરુષાર્થ કરવો પડે ?

● ઉત્તર : એ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ પહેલા કર્યો એ પુરુષાર્થ સહજ થઈ ગયો છે. પછી 'એને પુરુષાર્થ કરું છું' એ ધ્યાન જ નથી રહેતું. પુરુષાર્થનું ધ્યાન નથી. પરિણતિ એમાં ટકી જ ગઈ. શુદ્ધ આત્મામાં પરિણતિ ટકી ગઈ. જેવો આત્મા હતો તે પ્રમાણે પ્રગટ થઈ ગયો. પછી આ પુરુષાર્થ કરું, ન કરું' એ કોઈ જાતનો વિકલ્પ નથી, એ જાતનું કાંઈ ધ્યાન પણ નથી. કેવળ જ્ઞાન પ્રગટ થાય તે કૃતકૃત્ય દશા થઈ ગઈ. એને સિદ્ધ ભગવાનને કૃતકૃત્ય થઈ ગયું. એને પુરુષાર્થ કરું એમ નથી. તેમ નિર્વિકલ્પ અવસ્થામાં પણ 'હું પુરુષાર્થ કરું' એ નથી રહેતું. પુરુષાર્થ જે થયો એનું ફળ આવી ગયું. એ અંશે ફળ આવ્યું, પૂર્ણ નથી હજી, પણ એનું અંશે ફળ આવી ગયું. એટલે એને પુરુષાર્થ. એ વખતે પુરુષાર્થ કરે છે. પુરુષાર્થનું ફળ તે શુદ્ધ આત્માનું શુદ્ધ આત્માના વેદનરૂપે ફળ આવી ગયું. પછી બહાર જાય છે તે અંતરમુખ નિશ્ચય કરે છે. એ સાધક દશામાં એ જ પુરુષાર્થ કરું અને ફળ છે અંશે (એમ નથી). તેનો પુરુષાર્થ જે પુરુષાર્થ પ્રગટ થઈ ગયો. અંશે પ્રગટ થઈ ગયો એ એમને એમ રહી જાય છે. બુદ્ધિપૂર્વકનો કોઈ જાતનો પુરુષાર્થ નથી. તે ન્યારો થઈ ગયો. એ ન્યારો થઈ ગયો એ પુરુષાર્થનું ફળ આવી ગયું. પુરુષાર્થ પુરુષાર્થરૂપે અહીંયા પરિણતિ થઈ ગઈ. શ્રેણી ચડે છે ત્યારે એને અબુદ્ધિપૂર્વક પુરુષાર્થ હોય છે. બુદ્ધિપૂર્વક નથી રહેતો. પરિણતિ પોતા તરફ વળતી જાય છે. પુરુષાર્થનું ધ્યાન જ નથી. જે રૂપે છે એમ ને એમ રહી ગયો. જે સ્વરૂપ છે તે રૂપે રહી ગયો તે પોતે. એટલે એ અપેક્ષાએ પુરુષાર્થ છે, પણ એ પુરુષાર્થનું ફળ છે. ૧૩.

✻ પ્રશ્ન : સ્વરૂપમાંથી બહાર આવે છે ઈ એમ કહેવાય એ

અપેક્ષાએ કે એટલી કચાશ હતી પહેલા ?

● ઉત્તર : એ અંશે નિર્વિકલ્પ અવસ્થા થાય, પછી બહાર જ આવે એવી જાતની એની દશા જ છે. એ પુરુષાર્થ અમુક થોડો જ હતો. કેવળજ્ઞાન જેટલો પુરુષાર્થ નહોતો. એટલે એ બહાર જ આવે. થોડો પુરુષાર્થ હતો ઠરવાનો એ ઠર્યો અંદર, ઠરીને બહાર આવે એની સ્થિતિ જ અંતર્મુહૂર્તની. ઉપયોગની સ્થિતિ અંતર્મુહૂર્તની જ છે. પુરુષાર્થ છે પણ એ ચૈતન્ય તરફનું બળ જોરદાર છે. એ બળ છે. એ બળ એમને એમ ટકી ગયું. સહજ છે. એને કૃત્રિમતા કંઈ નથી એ પુરુષાર્થ કરવાની. પોતાની દોરી પોતા તરફ ખેંચ્યા કરે એમાં કંઈ કૃત્રિમતા નથી. સહજ છે. પુરુષાર્થનું બળ સહજ રહી ગયું. પોતા તરફ પરિણતિ આવી ગઈ તે આવી ગઈ. પછી પુરુષાર્થ બુદ્ધિપૂર્વકનો નથી રહેતો. જાગૃતિ છે. પુરુષાર્થ પ્રગટ થઈ ગયો. પણ પૂરો નથી. હજી અધૂરો છે. તેથી બહાર આવે છે. ક્ષણવાર બધું છૂટી ગયું પણ પાછું બહાર આવે છે. દૃષ્ટિનો વિષય છે એ બહાર જાય કે અંદર જાય એ ટકી રહે છે. લીનતા અમુક ક્ષણ પૂરતી હતી. એ છૂટી ગઈ પછી બહાર આવે છે. ૧૪.

* પ્રશ્ન : એ ઉપયોગ જ એ જાતનો છે કે એટલો વખત અંદર રહે?

● ઉત્તર : બસ! એ ઉપયોગ અંતર્મુહૂર્ત સ્થિતિ જ રહે પછી બહાર આવે. પછી પલટી જાય છે. પછી બહાર આવે ને પુરુષાર્થ-ભેદજ્ઞાનની ધારાનો પુરુષાર્થ ચાલુ જ રહે છે. ભેદજ્ઞાન—એ વિકલ્પ આવે તો પોતે જુદો ન્યારો ને ન્યારો—એવી ધારા એની ચાલુ જ રહે છે. પછી એકત્વ થાતું નથી. પરિણતિ જ્ઞાતા ધારાની ચાલુ જ રહે છે. જુદો ન્યારો ને ન્યારો રહે છે. ૧૫.

* પ્રશ્ન : જે ગુરુદેવની કૃપાથી ને આપના આશીર્વાદથી થોડું ઘણું સમજાણું છે. વારંવાર ઘોલનમાં આવે છે. એ હજી આગળ કેમ જઈ શકતો નથી ? આગળ કેમ જાવું?

● ઉત્તર : પોતાના પુરુષાર્થની ખામી છે. અંદરમાં (પુરુષાર્થની ખામી?) એ અંદર જિજ્ઞાસા અંદર એટલી ઊંડપથી આત્મા તરફ વળવું, આત્માનું લક્ષણ ઓળખવા માટે કે આત્મા કોણ છે? એનો સ્વભાવ શું છે? એ ઓળખવા માટે એટલો પ્રયત્ન જે અંદર જોઈએ એ પ્રયત્ન એટલો થતો નથી. પ્રયત્નની ખામી છે. પોતાની એટલી જિજ્ઞાસા, અંદર રુચિ, રુચિ રહેવા છતાં પણ હજી એ જે અંદર વિશેષ જે દઢતા થાવી જોઈએ, રુચિની વધારે દઢતા, પ્રયત્ન, એ બધી ખામી હોય એટલે જ આગળ વધી નથી શકતો. ૧૬.

**✻ પ્રશ્ન : અંદરમાં બરાબર ભાસે. બરાબર બેસવા છતાં પણ અટક ક્યાં છે ?**

● ઉત્તર : પ્રયત્નની ખામી છે. અનાદિની એકત્વબુદ્ધિ છે. એ એકત્વબુદ્ધિ અનાદિની એવી. અભ્યાસ થઈ ગયો છે કે આ શરીર અને આ વિકલ્પ બધા સાથે એકત્વબુદ્ધિ. શરીરથી હજી સ્થુળબુદ્ધિથી જુદો પડે કે આ શરીર જડ છે. એ કાંઈ જાણતું નથી. પણ વિકલ્પ સાથેની જે એકત્વ બુદ્ધિ થઈ રહી છે એમાં જ્ઞાયક જુદો છે. એ જ્ઞાયકને ગ્રહણ કરવા માટે પોતે સૂક્ષ્મ થઈને અંદર-સૂક્ષ્મ થઈને જ્ઞાયકને જુદો પાડે તો જુદો પડે. એટલો સૂક્ષ્મ થાતો નથી, એટલો પ્રયત્ન કરતો નથી, એટલી એને અંદરની લાગી નથી. એટલી લગની લાગે તો થાય. એના વગર ચેન ન પડે. કંઈ ગમે નહીં. અંદરથી એટલી લગની લાગવી જોઈએ. ભલે ઘણીવાર અભ્યાસ કરે. ઝાઝા કલાક બેસે, પણ અંદરથી જે એને પ્રયત્ન થવો જોઈએ ઊંડાણમાંથી— એ પ્રયત્ન થાતો નથી. વારંવાર ત્યાં ને ત્યાં ઊભો રહે છે. એકત્વબુદ્ધિ હોવાથી 'હું જુદો છું. હું જુદો છું' એમ ભાવના કરે. લક્ષણને ઓળખે કે 'આ જાણનારો હું છું' એમ વિકલ્પથી નક્કી કરે પણ એ રીતે પરિણતિ થઈ જાવી જોઈએ, એ રૂપે જીવન થઈ જાવું જોઈએ. અંદરની એવી પરિણતિ વણાઈ જવી જોઈએ કે 'હું તો જ્ઞાયક જ છું'.

દરેક ક્ષણમાં 'હું જ્ઞાયક છું'. એ બેસીને અભ્યાસ કરે એટલે એની દરેક ક્ષણમાં 'હું જ્ઞાયક છું' જે વિકલ્પની ઘટમાળ જે વણાયેલી છે એકદમ એમ હું એને ક્ષણે ક્ષણે એવું સહજ થઈ જવું કે 'હું તો જ્ઞાયક જ છું' એવી જાતનો પ્રયત્ન અંદર થાતો નથી. ૧૭.

✻ પ્રશ્ન : જીવનમાં વણી લેવું.

● ઉત્તર : જીવનમાં એ વણાઈ જવું જોઈએ. એટલે કે એને પછી એવું સહજ થઈ જવું જોઈએ કે 'હું જ્ઞાયક છું'. એની મહિમા એટલી આવે. એટલો પ્રયત્ન થાય. એવો અંદર વણાઈ જાય કે 'હું તો જ્ઞાયક', જ્ઞાયક સિવાય સહજપણે વિકલ્પરૂપે થાય એ જુદું. પણ 'હું જ્ઞાયકરૂપે જ છું આ શરીર હું નથી, હું તો જ્ઞાયક છું'. જ્ઞાયક તરફ જ દૃષ્ટિ થાય ને જ્ઞાયક જ એને ભાસ્યમાન થાય. બીજું બધું મારાથી જુદું છે. છે એ પર્યાયમાં છે. પણ એ મારા સ્વભાવથી જુદું છે. એમ પોતે એક જ્ઞાયક. જીવનમાં એક જાતની પરિણતિ એવી દૃઢ થઈ જવી જોઈએ જેવી એકત્વ બુદ્ધિની પરિણતિ કે એનાથી પણ આ તો પોતે જ છે. એ એને સહજ એકદમ એવું વણાઈ જવું જોઈએ અંદરમાં. સદૃશ પરિણામ એવો જ્ઞાયક જ છું એવું નથી થાતું. એવો પ્રયત્ન નથી થાતો; એને જાગતા, સૂતા, સ્વપ્નમાં, ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં બધી વાર 'હું જ્ઞાયક જ છું' એવી જાતની અંદર પરિણતિ દૃઢ થવી જોઈએ અને એવો અભ્યાસ કરતાં કરતાં જ્યારે એને સહજ થાય ત્યારે એને એ યથાર્થ ભેદજ્ઞાન થઈને અંદર પોતે વિકલ્પ છૂટીને આગળ નિર્વિકલ્પદશામાં જાય. ત્યાં સુધી જાય નહીં. એને જીવનમાં એક પરિણતિ એવી દૃઢ થઈ જવી જોઈએ. એટલું પ્રતિતીનું બળ, એટલી પરિણતિ દૃઢ થવી જોઈએ. એ થયા વગર કંઈ ન થાય. કેટલાકને થાય એને અંતર્મુહૂર્તમાં એવું થઈ જાય છે, અને ન થાય તો એને લાંબો ટાઈમ અભ્યાસ કરે તોય થાતું નથી. એની પ્રયત્નની ખામી છે. તો એનો અભ્યાસ કર્યા કરે. એમાં થાકે નહીં. એની પાછળ પડ્યા કરે કે લાંબો ટાઈમથી કરું છું ને કેમ થાતું નથી?

થાતું નથી એનું કારણ પોતાના પ્રયત્નની ખામી છે. એને 'જ્ઞાયક છું. જ્ઞાયક છું' એની મહિમા, એની રુચિ. જ્ઞાયકનું લક્ષણ વારંવાર ઓળખીને, આ લક્ષણ ઉપરથી લક્ષ ઈ ગુણ અને ગુણી બે અભેદ છે એવો જ્ઞાયકને વારંવાર એનો અભ્યાસ કર્યા કરે. જ્ઞાયકદેવ મહિમાવંત છે. એ એની જ્ઞાયકદેવની મહિમા એને છૂટે નહીં. વારંવાર એના જીવનમાં એકદમ પરિણતિ દૃઢ થાય. જીવનમાં વણાઈ જાય તો એને ક્ષણે ક્ષણે જ્ઞાયક જ લાગે એવો અભ્યાસ દૃઢ થાય તો ઈ અંદરથી પ્રગટ થાય. પ્રયત્નની ખામી હોય છે. ગુરુદેવ કહેતા'તા ને 'નિજ નયનની આળસે નિરખ્યા ન નયણે હરિ' પોતાના નયનની આળસને લઈને જો પ્રયત્ન કરે તો પણ તેને આળસ રહી જાય છે, તો પણ ખામી રહી જાય છે. એ ક્ષણે ક્ષણે જે વિકલ્પ હોય એ એકદમ સહજ આવી જાય તો તો એની સાથે તે જ ક્ષણે 'હું જુદો છું.' એવી જાતની પરિણતિનો એનો અભ્યાસ એવો થાવો જોઈએ અંદર, તો ઈ થાય અને તો એને એ દૃઢતા થતાં થતાં વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિનો તો પ્રસંગ બને. વારંવાર એનો અભ્યાસ દૃઢ થવો જોઈએ, પણ એમાં એને થાકવું નહીં. વારંવાર અભ્યાસ કર્યા કરે, તો જ્ઞાયક એ પોતે જ છે એ પ્રગટ થયા વગર રહે જ નહીં. એનો અભ્યાસ કર્યા કરે ન થાય ત્યાં સુધી. ૧૮.

**✻ પ્રશ્ન : આભાસમાં લાગે કે એ વસ્તુ પકડાશે. વળી પાછા ચાલી જાય.**

● ઉત્તર : ઈ એની સમીપ રહ્યા કરે. સમીપ જાય વારંવાર ત્યારે એને લાગે કે હવે પકડાઈ જશે, એટલું જોર આવે. પણ પાછું ઈ ટકે નહીં. એટલે વળી પાછું પુરુષાર્થની ગતિ ફેરફાર થયા કરે. કોઈ વાર તીવ્ર પુરુષાર્થ ઉપડે, કોઈવાર મંદ થઈ જાય, કોઈવાર મધ્યમ થઈ જાય. પુરુષાર્થની ગતિ ફેરફાર થવાથી એમ લાગે કે પકડાઈ જાશે, વળી મંદ, વળી મધ્યમપણે. પણ એમ ને એમ વારંવાર એની સાથે એ ગડમથલ કરતાં ઈ પકડાયા વગર રહે જ

નહીં. પોતે જ છે બીજો નથી કાંઈ. ૧૯.

✻ પ્રશ્ન : એનો કેડો મુક્વો નહીં.

● ઉત્તર : હા, એનો છેડો-કેડો મૂકવો જ નહિ એમ. ૨૦.

✻ પ્રશ્ન : કેમ થાતું નથી?

● ઉત્તર : કેમ થતું નથી. મુઝાવું નહીં. ધીરજ રાખવી. ધીરજ રાખવાથી પકડાયા વગર રહેતો નથી. એની મહિમા છૂટે નહીં. એમાં લુખાશ આવે નહીં. એનો મહિમા અને એમાં જ આનંદ એમાં જ સુખ. બધું સર્વસ્વ એમાં જ છે. આ અનાદિકાળના જે આ જન્મમરણ છે ને આ વિભાવનું જે દુઃખ છે, એ વિભાવનું દુઃખ છે એનાથી છૂટવા માટે આ એક જ્ઞાયક સર્વસ્વ. તે જ્ઞાયકમાં જ બધું સુખ ને આનંદ છે. એવી જાતની પ્રતીતિ, જ્ઞાયકદેવની મહિમા, અભ્યાસ કરીને થાકવું નહીં કે લુખાશ આવે. એની મહિમા છૂટે નહીં. તો આગળ ગયા વગર રહે નહીં. બહારથી ભગવાનના મંદિરે જાય તો ભગવાનના દ્વાર ખૂલે. ભગવાનને દ્વારે જેમ ટહેલ મારે એમ જ્ઞાયકને દ્વારે ટહેલ માર્યા જ કરે તો થાકે નહીં. ગમે એટલો કાળ જાય પણ એને છોડવું નહીં. ૨૧.

✻ પ્રશ્ન : કાળ સામે જોવું નહીં.

● ઉત્તર : કાળ સામે જોવું નહીં. એને એ પ્રગટ થયા વગર રહે જ નહિ એને અભ્યાસ કરવાથી. પોતે જ છે. એમાં જ બધું ભરેલું છે. ૨૨.

✻ પ્રશ્ન : (પ્રશ્ન અસ્પષ્ટ છે) એ માટે ઉપાય કંઈ બતાવો.

● ઉત્તર : જ્ઞાયકની દૃષ્ટિ કર. લગની કર. 'જ્ઞાયક તે જ હું છું ઔર કુછ મૈં નહીં.' જ્ઞાયક હી સર્વસ્વ હૈ. ચૈતન્ય એક આત્મા હી ચહિયે ઐસા ચૈન નહીં પડે આત્માકે બિના, કુછમેં રસ નહીં લગે. સબ ફીકા લગે. એક આત્મામેં રસ લગે.' ૨૩.

✻ પ્રશ્ન : (અસ્પષ્ટ છે) માતાજી વિકલ્પ બહોત આતે હૈ?

● ઉત્તર : જ્ઞાયકમેં ઉસકો રુચિ લગે તો જ્ઞાયકકી રુચિ તો

છૂટતી નહીં હૈ રુચિવાલેકો. ઊંઘમેં રુચિ તો જ્ઞાયકકી હોની ચાહિયે. પુરુષાર્થ મંદ હો જાતા હૈ નીંદમેં. રુચિ તો જ્ઞાયકકી લગની ચાહિયે. સ્વપ્ના આવે તો 'મૈં જ્ઞાયક. મેરે કૈસે પ્રગટ હો' ભીતરમેં તો ઐસી લગની લગની ચાહિયે. પુરુષાર્થ મંદ હોય તો વારંવાર પુરુષાર્થ કરે. એમાં થાકે નહીં. એમાં વારંવાર-મહિમા છૂટે નહીં. ઐસી લગની છૂટે નહીં. પુરુષાર્થ મંદ હો તો વારંવાર પુરુષાર્થ કરે, તો ભીતરમેં પ્રગટ હુયે બીના રહેતા હી નહીં હૈ. ભગવાનકા દરબારમેં જાતા હૈ. જાના હૈ તો ભગવાનકે દ્વાર પર ટહેલ મારે તો ભગવાનકા દ્વાર ખુલ જાતા હૈ. ઐસે જ્ઞાયકકે દ્વાર પે 'જ્ઞાયક જ્ઞાયક' ઐસા ટહેલ માર્યા કરે ભીતરમેંસે. તો ભીતરમેં જ્ઞાયકદેવકા દર્શન હુવે બીના રહેતા નહીં હૈ. સ્વાનુભૂતિકા માર્ગ સબ જ્ઞાયકકા અભ્યાસ કરનેસે હોતા હૈ. શુભભાવ તો ઈસકે સાથમેં રહેતા હૈ અને ઐસા સ્વભાવકો પીછાને, સ્વભાવકી મહિમા લગે, સ્વભાવકી લગની લગે, તો થાય, દિવસ ને રાત ઈસકો ચૈન ન પડે. જ્ઞાયક મેરે કેમ પ્રગટ હોવે? જાગતા સૂતા સ્વપ્નમાં સબ જ્ઞાયકકી લગની લગે તો થાય, ઐસે તો નહીં હોવે. ૨૪.

ભક્તિ : જીવલડા જાગી ને જો તું મોહનીંદથી,<br>
રત્નચિંતામણીથી પણ અધિક (૨)<br>
અમૂલ્ય રતન તું આત્મા,<br>
જીવલડા જાગીને જો તું મોહનીંદથી (૨)

✻ પ્રશ્ન : વિચાર કરે તો લગની લાગે?

● ઉત્તર : લગની લગે તો વિચાર આવે. લગની વગર ઐસા નહીં હોતા હૈ. 'મૈં જ્ઞાયક હું, મૈં જાનનેવાલા હું' પણ બોલનેસે ક્યા હોતા હૈ? ભીતરમેં વિચાર કરે તો ભી ભીતરમેં જ્ઞાયક કી લગની લગે તો હોવે ઐસે નક્કી કરના. 'મૈં જ્ઞાયક હી હું, મૈં જ્ઞાન' જ્ઞાન લક્ષણસે પીછાને જાતા હૂં પીછાનનેમેં આતા હૈ તો ભી ઈસકી લગની લગે તબ હોતા હૈ. પહેલે નિર્ણય કરના કે 'મૈં જ્ઞાનસ્વભાવી હું' પણ

જ્ઞાનસ્વભાવી ઈસકા પ્રયત્ન કૈસે હો કિ લગની લગે તો પ્રયત્ન હો સકતા હૈ, લગની વગર નહીં હો સકતા હૈ. માત્ર બોલનેસે કે ઐસે ગોખનેસે, કે ગોખને માત્રસે નહીં હોતા હૈ. યથાર્થ સમજે યથાર્થ, સ્થૂળ ઉપર ઉપરસે સમજનેસે નહીં હોતા હૈ. યથાર્થ સ્વભાવકા લક્ષણ પીછાન કરકે ભીતરમેંસે ઈસકી લગની લગે તો થાય. ઐસે નહીં હો સકતા હૈ. ગોખને માત્રસે કે બોલને માત્રસે ઐસે નહીં હોતા હૈ. એ તો ઠીક હૈ કે ઐસા વિચાર કરે તો ભી અચ્છા હૈ પણ વિચાર કે સાથમેં ઉસકી મહિમા લગે, વિભાવકા રસ છૂટ જાય. તભી કુછ હો. ૨૫.

**✻ પ્રશ્ન : એના પ્રયત્ન એટલા બધા જોરદાર કેમ નથી થતા ?**

● ઉત્તર : પોતાની ખામી છે. પોતાની જ ખામી છે. પોતાના પ્રયત્નની ખામી છે. રુચિ, એટલી ઊંડી રુચિ હોવી જોઈએ. આ જ કરવાનું છે એટલું અંદર ઊંડાણમાંથી થવું જોઈએ. ક્યાંય ચેન પડે નહીં. બહારમાં ક્યાંય સુખ લાગે નહીં. સુખ આત્મામાં છે. જ્યાં સુધી આત્મામાંથી સુખ, સુખ-આનંદ, જ્ઞાન ન આવે ત્યાં સુધી એને શાંતિ ન થાય અને ક્યાંય ચેન ન પડે એવું એને ક્ષણે ક્ષણે એટલું અંદર તીવ્ર અંદર ભાવના, જિજ્ઞાસા હોય તો એ પ્રયત્ન એ તરફ ઉગ્રપણે વળે છે. પોતાની રુચિની અને પુરુષાર્થની ખામી છે માટે નથી થતું. જીવનની અંદર કરવા જેવું આ જ છે. 'હું એક જ્ઞાયક આત્મા જાણનારો છું. એક ચૈતન્ય તત્વ છું.' જેમાં આ બધા પુદ્‌ગલ અને બધું દેખાય છે. ઈ જેમ એક વસ્તુ છે. એમ હું એક વસ્તુ ચૈતન્ય છું. મારામાં જ્ઞાનગુણ એવો અસાધારણ જ્ઞાનગુણ છે એ જ્ઞાયકતાથી ઓળખાય છે. એ જ્ઞાયકતાથી ભરેલો છે. આ જડ કાંઈ જાણતો નથી. જાણનારો ચૈતન્યદેવ છે એનાથી એ ઓળખાય છે. જ્ઞાયકતાથી. એ જ્ઞાયકને ઓળખવો. એ એમા જીવનનું કર્તવ્ય છે. એ ન થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્ર હૃદયમાં રાખી, દેવ-ગુરુ-શાસ્ત્રએ જે બતાવ્યું તે દેવ, ગુરુએ જે સાધના કરી તે સાધના પોતાને કરવાની છે એવી

ભાવના અંદર રાખવી ને મહિમા કરવી. તત્વનું ચિંતવન કરવું એ કરવાનું છે. જીવનમાં એ જ કર્તવ્ય છે. બાકી બહારનું તો બધું થયા કરે છે. 'જ્ઞાયક હું ચૈતન્યદેવ છું' એવી ઊંડી રુચિ, ઊંડો પ્રયત્ન કરે તો એ પ્રગટ થાય તો એને ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય. 'પર પદાર્થનું હું કરી શકું છું'—એવી કર્તાબુદ્ધિ છે અનાદિકાળની. હું કરું તો થાય છે. પોતે કરતો નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર પરિણમે છે. પોતે સ્વતંત્ર છે. પોતાના ઉત્પાદ્ વ્યય પોતામાં. સ્વભાવ તરફ વળે તો સ્વભાવરૂપ ઉત્પાદ વ્યય થાય. આ વિભાવ તરફ છે તો વિભાવ તરફ જાય છે. પરદ્રવ્ય તરફની સ્વામિત્વબુદ્ધિ છોડીને 'હું એનો સ્વામી છું ને હું કર્તા છું' એવી સ્વામિત્વબુદ્ધિ તોડીને 'હું જ્ઞાતા છું'—એવી ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરે. અંદર ઊંડી રુચિ, ઊંડી રુચિ હોય તો થાય તો પ્રયત્ન થાય. એવી ભેદજ્ઞાનની ધારા અંદરથી પ્રગટ કરે તો એને માર્ગ મળે. વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થાય. આત્મામાંથી આનંદ પ્રગટે. આત્મામાંથી જ્ઞાન પ્રગટે. જેમાં જે છે એમાંથી પ્રગટે, ઈ. જીવનમાં એ કરવા જેવું છે. એની સાધના બસ! એની લગની, ઈ જ કરવા જેવું છે. એની વિશેષ આરાધના—એ જ. પૂર્ણ કેવળજ્ઞાન વીતરાગી દશા જે પ્રાપ્ત થાય એ વીતરાગતાનો અંશ પ્રગટ થાય છે. એની શ્રદ્ધા થાય પહેલા, એની સ્વાનુભૂતિ થાય. પછી એમાં વિશેષતા વધતી જાય. ખરું ઈ જ કરવાનું છે. પણ પોતાના પ્રયત્નની ખામી છે. ગુરુદેવે ઘણું બતાવ્યું છે. ગુરુદેવે ઘણો માર્ગ ચોખ્ખો કર્યો છે. ગુરુદેવનો ઉપદેશ બધાએ સાંભળ્યો છે. પછી કાંઈ કહેવાનું રહેતું નથી. ગુરુદેવે જ બધું બતાવી દીધું છે. પોતાના પ્રયત્નની ખામી છે. ભાવના, એનું રટણ, એનો પ્રયત્ન, એની મહિમા એ કરવા જેવું છે. શુભભાવમાં દેવ, ગુરુ, શાસ્ત્ર રાખવા જોઈએ. (અને) અંતરમાં શુદ્ધ આત્મામાં આત્મા (રાખવો). ૨૯.

*** પ્રશ્ન : સમ્યક્ત્વ પ્રાપ્ત થયા વિષે કોઈપણ પ્રકારનું આકુળ વ્યાકુળતાનું વ્યાપવું થવું તેને દર્શન પરિષહ કહ્યો છે. એ પરિષહ**

ઉત્પન્ન થાય તે તો સુખદાયક છે પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનું સંભવ થાય છે. (એ કેવી રીતે?)

● ઉત્તર : પરમાર્થની પ્રાપ્તિ થવા માટે જે આકુળતા થાય છે. કેમ આત્મા પ્રાપ્ત થાય? અને કેવી રીતે થાય? એ બધી આકુળતા થાય એમાં એ દર્શન પરિષહ છે. પરિષહ છે એક જાતનો પણ, એમાં ધીરજ રાખવી જોઈએ. ધીરજથી જોવે એને ધીરજ રાખે તો એમાં એને સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થાય. કેમ થાય? કેવી રીતે થાય? હું કેમ કરું? કેમ આત્મા સ્વભાવ ઓળખાય? કેમ ઓળખાતો નથી? એમ અંદરથી ભાવના થાય, આકુળતા થાય, અને થાતું નથી એ એક જાતનો પરિષહ છે. કારણ કે એ દર્શનમોહનું નિમિત્ત છે. એને કારણ પોતાનું છે. એક જાતનો પરિષહ છે. કેમ થાય? કેવી રીતે થાય? આત્માનો સ્વભાવ જ્ઞાન સ્વભાવ. એ જ્ઞાન સ્વભાવ કેમ ગ્રહણ થાય? આ રાગથી આ કેમ જુદો પડે? એનું ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણી સૂક્ષ્મ થઈને અંદરથી જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો બધો ટાઈમ ગયા કેમ થાતું નથી? એવી બધી ભાવના થાય, ને અંદર આકુળતા થાય, તો પણ જો એમાં શાંતિ રાખે કે મારી ભાવના છે માટે થવાનું જ છે. તેમાં એનો પ્રયત્ન ચાલુ જ રાખે. પ્રયત્ન ચાલુ જ રાખે અને ધીરે ધીરે ઓળખે—આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? આ જ્ઞાન તે જ હું છું. આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. એ વેદન જુદી જાતનું છે. અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ એ જાત જુદી છે. બે જાત જુદી છે. એમ લક્ષણથી ઓળખ્યા કરે. એને ગ્રહણ કરે તો એમાં સમ્યકદર્શન પ્રાપ્ત કરવાનું કારણ થાય છે ને દર્શન મોહ ચાલ્યો જાય છે એમ કહે છે. એને ધીરજથી વેદાઈ જાય. જો આકુળતા કરે, ઉતાવળ કરે તો ન થાય. પણ એમાં ધીરજ રાખવી જોઈએ. ગમે એટલો ટાઈમ જાય તો પણ વારંવાર વારંવાર પ્રયત્ન કર્યા જ કરે. તો એમાંથી સમ્યક્‌દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલા આકુળતા તો થાય એમાં, પણ શાંતિ રાખવી જોઈએ. ૨૭.

**✻ પ્રશ્ન : ઉતાવળ કરવા જાય તો બીજે ક્યાંક આડે અવળે રસ્તે (ચડી જાય) ?**

● ઉત્તર : હા, ઉતાવળ કરવાથી થાય નહીં. આડે અવળે રસ્તે ઉતાવળ કરવા જાય તો એ કંઈ સ્વભાવ ગ્રહણ થાતો નથી. એ સ્વભાવ તો ધીરજથી જ ગ્રહણ થાય. પોતે શાંતિથી અંદર આ ક્યાં રાગ છે, ક્યાં જ્ઞાન છે? એમાં સૂક્ષ્મ થઈને જ્ઞાન સ્વભાવને ગ્રહણ કરે તો એ પકડાય એવો છે. ઉતાવળ કરે તો કાંઈકનું કાંઈક પકડાઈ જાય. ખોટું પકડાઈ જાય. ખોટો સંતોષ માની લે. નથી થાતું માટે ઉતાવળ કરે તો ખોટું થઈ જાય. ખોટી ઉતાવળ કરવાથી. એને ભાવનામાં ઉતાવળ થાય, પણ શાંતિ રાખે છે, યથાર્થ ન આવે ત્યાં સુધી એને શાંતિ થાય જ નહીં. ખરો જિજ્ઞાસુ ને ખરો આત્માર્થી હોય એને સાચું ન આવે ત્યાં સુધી શાંતિ જ ન થાય. એનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરની શાંતિ આવતી નથી. માટે આ યથાર્થ નથી એને યથાર્થ તો એને અંદરથી જ શાંતિ આવે. બહુ ઉતાવળ કરવાથી ખોટું થાય છે. ખોટું ગ્રહણ થઈ જાય. ક્યાંકનું ક્યાંક રોકાઈ જાય ને સૂક્ષ્મ રાગ હોય તો એને પકડાતો નથી. શુભરાગમાં ક્યાંક અંદર છૂટો પાડી શકતો નથી. ઉતાવળ કરવાથી એમાં રોકાઈ જાય છે. ક્યાંક ક્યાંક રાગમાં રોકાઈ જાય છે. ક્યાંક પ્રશસ્તમાં, ક્યાંક ક્યાંક. ને અંદર સૂક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવના આવ્યા કરે, વિકલ્પ આવ્યા કરે. એમ આવ્યા કરે તો ક્યાં? વિકલ્પથી પણ એ છૂટો છે. ભાવનાના વિકલ્પ આવે એનાથી પણ જુદો છે. એમ અંતરથી યથાર્થ ગ્રહણ થાવું જોઈએ એ થઈ શકતું નથી ઉતાવળ કરવાથી. ધ્યાન કરવા જાય પરમાર્થને ગ્રહણ કરવા માટે ધ્યાન કરે પણ ધ્યાનમાં યથાર્થ ગ્રહણ ન થાય. ને ધ્યાનમાં વિકલ્પ શાંત થઈ જાય એને એમ લાગે કે જાણે વિકલ્પ છે જ નહીં. હોય તો ય નથી. એમ ઉતાવળથી માની લે તો ખોટું થઈ જાય. ૨૮.

✻ **પ્રશ્ન : પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો પ્રાપ્ત કરવાની આકુળતા તો સ્વભાવિક થાય. એને દર્શન પરિષહ કહ્યો. બાવીસ પરિષહ તો સાંભળ્યા એમાં દર્શન પરિષહ? તો આમાં પરિષહ શું આવે? ને આવી રીતે ધીરજ રાખવામાં આવે તો પ્રમાદ નહીં થઈ જાય એને ?**

● ઉત્તર : પોતે અંદર ગ્રહણ કરવું જોઈએ. પકડવું જોઈએ કે આ પ્રમાદ છે કે ધીરજ છે. ધીરજ અને પ્રમાદમાં ફેર પડે છે. કે પકડાતું નથી એટલે શાંતિ રાખે છે. પણ પ્રમાદ નથી. એમ કાંઈ કોઈ જાતના રાગને કારણે કે પ્રમાદને કારણે હું કાંઈ નથી અટકતો. પણ મને પકડાતો નથી એટલે ધીરજ રાખે. ધીરજમાં ને પ્રમાદમાં ફેર છે. યથાર્થ આત્માર્થી છે માટે એને સાચું ગ્રહણ થાય છે અને એણે એ રીતે દર્શન પરિષહ એમ કીધો છે. ખરું પરિષહ લાગુ પડે યથાર્થ રીતે સમ્યક્‌દર્શન થયા પછી, એને પરિષહ એ બધું લાગુ પડે છે. ચારિત્ર થાય ત્યાં બધા પરિષહ લાગુ પડે છે. પણ આ એને સમ્યક્‌દર્શન નથી થયું. પરમાર્થની પ્રાપ્તિ (નથી.) તો પણ વચ્ચે એને એ અપેક્ષાએ દર્શન પરિષહ કીધો છે. ખોટી કોઈ શંકા ને કુતર્કો અને બધું કર્તૃત્વ એમાં પણ પોતે ડગતો નથી. નિઃશંક ગુણ એવો પ્રગટ થાય છે. સમ્યક્‌દૃષ્ટિને. તે પોતે પોતાની શ્રદ્ધાથી ડગતો નથી. ગમે તેવું આખું બ્રહ્માંડ ખળભળી જાય તો પણ પોતે પોતાને જ્ઞાયક સ્વભાવ જે ગ્રહણ થયો એમાં એ ગમે એવા પરિષહ આવે, કોઈ ન્યાયયુક્તિ એવા આપે કે જુદા જુદા તર્કો તો પણ એ એના જ્ઞાયકથી નિઃશંક રહે છે. એને શંકા પડતી નથી. એવા પરિષહ સમ્યક્‌દૃષ્ટિને હોય છે. આ તો દર્શન પરિષહ જેને પરમાર્થની પ્રાપ્તિ નથી થઈ એને પરિષહ કીધું. એ પરિષહ એને એ અપેક્ષાએ એને પરિષહ છે. પ્રાપ્ત નથી થાતું અને આકુળતા થાય છે એ અપેક્ષા એને પરિષહ. એ જાતનું પરિષહ છે. ભાવના યથાર્થ છે અને પ્રગટ થતું નથી. એનું કારણ વચ્ચે ત્યાં કર્મ નિમિત્ત છે. એ માટે એ એમાં પોતે જ જોડાયેલો છે. એ પોતે ગ્રહણ કરવા માગે છે થતું નથી માટે એને પરિષહ કહે છે. વચ્ચે વચ્ચે કોઈ

વિકલ્પો, કોઈ શંકાઓ, કોઈ તર્કો, એવું વચ્ચે વચ્ચે પોતાને રોકતું હોય એ બધા અંદરના પરિષહ છે. નક્કી કરે ત્યાં વચ્ચે કાંઈ શંકા ઉત્પન્ન થાય. વળી શંકામાં પડી જાય. અનેક જાતની એને પરમાર્થને ગ્રહણ કરવામાં અનેક જાતના અંદરમાં પોતાના પરિણામમાં પણ મુશ્કેલીઓ ઉભી થાય, તો પણ એ ધીરજથી બધામાંથી પસાર થઈ અને પોતે નિઃશંકપણે ચૈતન્યને ગ્રહણ કરે છે. તો એમાં ધીરજથી પોતે આગળ જાય તો એમાં સમ્યક્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે. ૨૯.

✻ પ્રશ્ન : સ્વભાવ પ્રાપ્તિની પણ બહુ આકુળતા કરવા જેવી નથી.

● ઉત્તર : બહુ આકુળતા કરવાથી પછી એને ધીરજ જો નથી રહેતી તો પછી ક્યાંક ક્યાંક માની જાય છે. એવું એને થઈ જાય છે. પછી એને સહજ જે આવીને સહેજપણે આ જ્ઞાતા છે એમ ગ્રહણ–જ્ઞાયકને ગ્રહણ કરવાને બદલે ઉતાવળથી કૃત્રિમતા–એ ક્યાંક એને ધ્યાન કરવા બેઠો અને હવે કાંઈ વિકલ્પ દેખાતા જ નથી. 'હવે મને થઈ ગયું' એમ થઈ જાય. ખોટી રીતે મનાઈ જાય. એવું થઈ જાય. અંદરથી શાંતિ લાગે છે. વિકલ્પ શાંત થઈ ગયા. એવો એને કાંઈક ભ્રમ–ઉતાવળમાંથી ભ્રમ થઈ જાય. ઓલું તો એને અંતરમાંથી સહજપણે 'નહીં, આ જ્ઞાયક જ છે. બીજું છે જ નહીં'. એનો આત્મા જ કહે. જે ગુરુદેવે કીધું ને શાસ્ત્રએ કીધું તે જ આ છે. બીજું છે જ નહીં. એનું હૃદય આમ નિઃશંકપણે અંદરથી સહજપણે આવતું હોય છે. કોઈને પૂછવા જવું પણ પડતું નથી. આ જ માર્ગ છે બીજું છે જ નહીં. ૩૦.

✻ પ્રશ્ન : બહારના ભણતરના અભાવ વખતે પણ સમ્યક્દર્શન થઈ શકે ?

● ઉત્તર : એમાં ક્યાં બહારના ભણતરની જરૂર નથી કે ઝાઝું જાણે કે ઝાઝા શાસ્ત્રનો અભ્યાસ કરે કે ઝાઝું એને ભણતર હોય તો

થાય. એવું કાંઈ નથી. એમાં મૂળ સ્વભાવ આત્માને ઓળખે કે 'હું જ્ઞાનસ્વભાવ જ્ઞાયક છું ને આ બધું મારાથી જુદું છે.' એવું ભેદજ્ઞાન કરીને આત્માને ઓળખે. મૂળ પ્રયોજનભૂત તત્વને ઓળખે તેમાં ભણતરની કાંઈ જરૂર પડતી નથી. મૂળ વસ્તુ સ્વભાવને અંતરમાંથી ઓળખવો જોઈએ. એની રુચિ, એની મહિમા, એની લગની અંતરમાં લાગે અને વિભાવમાં ક્યાંય ચેન પડે નહીં. બહારમાં (ચેન) પડે નહીં. એ લગની ને મહિમા જો આત્મામાં લાગે તો પોતાના સ્વભાવને ઓળખીને અંતરમાં જાય તો એને બહાર ભણતરની જરૂર નથી. શિવભૂતિ મુનિ કાંઈ જાણતા નહોતા. ગુરુએ કીધું 'મારૂષ અને માતુષ' પણ શબ્દ ભૂલી ગયા કે ગુરુએ શું કીધું? પેલી દાળ ધોતી'તી તો કે મારા ગુરુએ આ કીધું'તું. ફોતરા જુદા ને દાળ જુદી. એમ કરીને 'માસ તુષ' આ ફોતરાં જુદા ને આ અંદરમાં જુદો, એમ આત્મા જુદો ને આ વિભાવ જે રાગાદિ છે તે બધા ફોતરા છે એનાથી હું જુદો છું. એવું ગુરુએ કીધું તું એમ આશય ગ્રહણ કરી લીધો. ગુરુના કીધેલા શબ્દો ભૂલાઈ ગયા પણ આશય ગ્રહણ કર્યો. મારા ગુરુએ આ ભેદજ્ઞાન કરવાનું કીધું'તું. આ રાગ જુદો ને આત્મા જુદો. એમ પોતે અંતરમાં 'હું આત્મા જુદો છું, અને વિભાવ જુદો,' બધું જુદું છે' એમ કરીને અંતરમાં ભેદજ્ઞાન કરીને અંતરમાં સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરી લીન થઈ ગયા. સ્વાનુભૂતિ પ્રગટ કરી ને અંતરમાં એટલા બધા લીન થઈ ગયા કે એમાં લીન થવાથી કેવળજ્ઞાન પ્રગટ કરી લે છે. એમાં ભણતરની જરૂર પડતી નથી. પ્રયોજનભૂત તત્વને ઓળખે છે તે પોતાને ઓળખે છે. જેવા ભગવાનના દ્રવ્ય ગુણ પર્યાય એવા જ મારા છે. એમ ભગવાનને ઓળખે પોતાને ઓળખે. પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. મૂળ પ્રયોજનભૂત તત્વને ઓળખે તો એમાં બધું આવી જાય છે. એકને ઓળખતાં બધું જણાઈ જાય છે. બધું બહારનું જાણવા જાય અને એકને નથી જાણતો તો કંઈ જાણ્યું નથી. ૩૧.

✻ પ્રશ્ન : પૂજ્ય ગુરુદેવના વચનામૃતમાં 'વિચારનો પ્રયોગ કરવો' એ પ્રયોગ શબ્દ. વિચારનો પ્રયોગનો અર્થ શું?

● ઉત્તર : ગુરુદેવ જે કહી રહ્યા છે. ગુરુદેવની જે ધ્વનિ છે. ગુરુદેવે જે વચનો કીધાં એ ગુરુદેવે જે ઉપદેશ આપ્યો એનો તું પ્રયોગ અંદર ઉતાર. 'પ્રયોગ કર' એમ. ગુરુદેવે જે ઉપદેશ આપીને જે માર્ગ બતાવ્યો છે, જે ગુરુદેવના વચનો છે, ગુરુદેવે જે ઉપદેશ આપ્યો ને ગુરુદેવે જે આજ્ઞા કરી એનો તું અંદર પ્રયોગ કર. એટલે તું તારા પુરુષાર્થમાં ઉતારી દે તો તને પરિણતિ પ્રગટ થશે. ગુરુદેવ જે કહે છે. એ માત્ર સાંભળી લેવું એમ નહીં પણ એનો તું પ્રયોગ કર અંતરમાં. ગુરુદેવે એમ કીધું કે 'તું છુટ્ટો શુદ્ધ આત્મા છો. આ શુભાશુભ ભાવોથી ન્યારો અંદર ચૈતન્ય છે.' ઈ તો ગુરુદેવે ઉપદેશ આપ્યો ઈ પ્રમાણે કર. એનો પુરુષાર્થ કર અંદરમાં. તું તારી પરિણતિમાં ઉતાર. ૩૨.

✻ પ્રશ્ન : શ્રદ્ધાનો પ્રયોગ કહેવાય કે ચારિત્રનો? ચારિત્રની વાત આવે તે શ્રદ્ધાથી કહેવાય?

● ઉત્તર : શ્રદ્ધાનો પ્રયોગ છે. શ્રદ્ધા હજી એણે વિકલ્પથી શ્રદ્ધા કરી છે. અંતરમાં જે યથાર્થ શ્રદ્ધા ક્યારે કહેવાય કે જ્યારે ન્યારી પરિણતિ થાય તો શ્રદ્ધાનો પ્રયોગ થાય. ચારિત્રનો પ્રયોગ એને કહીએ કે જે પ્રતીત હોય એની સાથે જે યથાર્થ પ્રતીતિ થઈ એની સાથે અમુક જાતની પરિણતિ તો ભેગી આવે છે. સ્વરૂપ આચરણ ચારિત્ર ઈ ભેગું આવે એને ચારિત્રના ઓલામાં ગણાતું નથી. વિશેષ લીનતા થાય એને ચારિત્ર કહેવાય છે. માટે આ શ્રદ્ધાનો જ પ્રયોગ છે. અંદર પરિણતિ પ્રગટ કરવી એ શ્રદ્ધાની જ પરિણતિ પ્રગટ કરવાની છે. શ્રદ્ધા એટલે યથાર્થ જે આત્માનું સ્વરૂપ છે એની યથાર્થ અંદર પરિણતિ જે જ્ઞાયકની જ્ઞાયકરૂપે પરિણતિ કેમ પ્રગટ થાય ઈ શ્રદ્ધાની જ પરિણતિ છે. પ્રતીતની જ પરિણતિ છે એ પ્રતીત સાથે અમુક જાતની લીનતા ભેગી આવે છે. એને ચારિત્રની પ્રતીત એમ કહેવાતું નથી. ૩૩.

ભક્તિ :　　　અંતરમાં ઉંડે ઉંડે એકવાર જોઈ લે,
તને મળશે મોતીડા સાચા રે
અંતરમાં ઉંડે બાપુ એકવાર જોઈ લે,
તને મળશે મોતીડા સાચા રે.

✻ પ્રશ્ન : શ્રદ્ધાનો પ્રયોગ તો ઉગ્ર છે.

● ઉત્તર : હા એવો પ્રયોગ છે. ૩૪.

✻ પ્રશ્ન : એને દઢતા વધતી જાય?

● ઉત્તર : હા દઢતા. એને દઢ કર કે 'હું ચૈતન્ય જ છું. આ (વિભાવ) હું નથી.' એમ એની દઢતા થાય. ૩૫.

✻ પોતાના પ્રયત્નની ખામીને લઈને?

બહેનશ્રી : પોતાની જ ખામી દેવ–ગુરુ–શાસ્ત્ર એ ગુરુએ તો કોઈ અપૂર્વ માર્ગ બતાવ્યો. માટે આત્મા જુદો, શરીર જુદું. એનાથી નિરાળો આત્મા છે. 'હું જ્ઞાયક છું' જ્ઞાયકની મહિમા આવે. જ્ઞાયકમાં બધું, જ્ઞાયકમાં જો કંઈ ન લાગે અને બહારની મહિમા લાગે તો કાંઈ થઈ શકતું નથી. જ્ઞાયકમાં બધું ભરેલું છે. એ અપૂર્વ છે. માટે આ નિરાળો આત્મા એનું ભેદજ્ઞાન કરે. વારંવાર એનું ભેદજ્ઞાન કરે, વારંવાર ક્ષણે ક્ષણે 'હું જુદો, હું જુદો' આ વિભાવો તે હું નથી. હું ચૈતન્ય વસ્તુ નિરાળો જ્ઞાયક છું.' જે જે પરિણામો થાય એને ક્ષણે ક્ષણે જુદા પાડવાનો પ્રયાસ કરે. ક્ષણે ક્ષણે પ્રયાસ કરે તો એમાંથી વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને. પણ એની તૈયારી કરવી. અનાદિકાળનો જે અભ્યાસ છે તેમાં એકત્વબુદ્ધિ થઈ ગઈ છે. પોતે પોતાની બુદ્ધિથી નિર્ણય કરીને વિચાર કરે કે 'હું જુદો' ઈ એક વિચારપૂર્વક રહે પણ અંદરથી પ્રયત્ન કરીને પરિણતિને છુટ્ટી પાડવાની છે. એમાં ઘણો પુરુષાર્થ છે. ક્ષણે ને ક્ષણે દિવસ ને રાત એની લગની લાગવી જોઈએ કે 'હું આત્મા જુદો, જ્ઞાયક નિરાળો છું'. એમ ગુરુદેવે ઘણુંય બતાવ્યું છે. એ એનું ને એનું સ્મરણ કરે. એ ન થાય ત્યાં સુધી એ જાતના શાસ્ત્રો વાંચવા, ગુરુદેવે બતાવ્યું એના

ગુરુદેવના પ્રવચનો વાંચવા. વારેવારે એના વિચારો, એનું તત્વચિંતન કરવું. એ જ્ઞાયક ઓળખવાને માટે એ કરવાનું છે. દેવ-ગુરુ-શાસ્ત્રને હૃદયમાં રાખીને આ જ્ઞાયક હૃદયમાં રાખવો. એમાં ભેદજ્ઞાનનો પ્રયાસ કરવો એનો મુખ્ય ઉપાય છે. ભેદજ્ઞાનનો પ્રયાસ કરવો. એને માટે બધું આ શાસ્ત્ર સ્વાધ્યાય, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, એ બધું એને માટે છે. એ જ્ઞાયકનો અભ્યાસ, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો ક્ષણે ક્ષણે. ઈ એનો ઉપાય છે. એ ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી અંતરમાંથી સ્વભાવ ઓળખીને ભેદજ્ઞાન થાવું જોઈએ. એનો ઉપાય એક જ ઉપાય છે. જે સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા. 'ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા સિદ્ધા એ કિલ કેચનમ્' જેટલા સિદ્ધ થયા, આ ભેદ વિજ્ઞાનથી થયા છે. જે નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. અને ગુરુદેવ વારંવાર ઈ જ બતાવતા હતા કે તારો આત્મા જુદો જ્ઞાયક છે. એ અનુપમ છે. આત્મા મન, વચન, કાયાથી પેલી પાર આત્મા બિરાજે. વિભાવ—આ જે શુભાશુભ ભાવો આવે એ પણ આત્માનું સ્વરૂપ નથી. તું એનાથી જુદો જાણ આત્માને. એમાં આનંદ, જ્ઞાન બધું એમાં ભરેલું છે. એ કરવાનું છે. ગુરુદેવ કહેતા'તા કે ભવિષ્યનું ચિતરામણ તારા હાથમાં છે. હવે ગયો કાળ તો ગયો. હવે ભવિષ્યનું ચિતરામણ કેમ કરવું? એ તારા હાથમાં છે. ભૂતકાળ તો ચીતરાઈ ગ્યો. ભવિષ્ય શું થાય? એ ચિતરામણ બધું તારા હાથમાં છે. એ પ્રતિકૂળ સંયોગોમાંથી પાછો વળી અનુકૂળ સંયોગોમાં એ અટકી જાય એમ દરેક સંયોગોમાં એની ભાવના ટકી રહે. એ ભાવના એવી દૃઢ રહેવી જોઈએ કે અનુકૂળ કે પ્રતિકૂળ ગમે એવા સંયોગોમાં આત્માને ચુકું નહીં, આત્મા—શુદ્ધ આત્મા શાશ્વત નિરાળો એને હું ચૂકું નહીં. ને મારા હૃદયની અંદર દેવ-ગુરુ-શાસ્ત્ર બિરાજે અને જ્ઞાયક શુદ્ધ આત્મા બિરાજે છે. બીજું કાંઈ નહીં એનાથી વિશેષ કાંઈ ન થઈ જાય. બધો સંસાર હોય પણ મને વિશેષતા આ જ મારા હૃદયમાં. એવો પુરુષાર્થ કાયમને માટે (રહે), મનુષ્ય જીવનમાં કરવા

જેવું એ જ છે. અનુકૂળતામાં ખેંચાઈ ન જવું ને પ્રતિકૂળતામાં ખેદાઈ ન જવું. ૩૬.

❀ બહેનશ્રી : એ છે ને આત્માનો સ્વભાવ. આત્માના સ્વભાવનું એને વેદન થાય છે. અનુભવમાં અપૂર્વ આનંદ આવે છે. જેવા સિદ્ધ ભગવાન છે એનો અંશ એને પ્રગટ થાય છે. એને માર્ગે પ્રયાણ થાય છે. એના લોકમાં એનો વાસ થાય છે. આ લોક નહીં એનો ચૈતન્યલોક આખો જુદો જ છે. ચૈતન્ય ભગવાનના લોકમાં અંદરમાં વસી જાય છે. ૩૭.

* પ્રશ્ન : ઘણીવાર એવું થાય છે કે વરસોના વરસો નીકળી જતા જાય છે ને કાંઈ થાતું તો નથી. જે મૂળ કરવાનું એ કાંઈ થાતું નથી.

● ઉત્તર : એની યથાર્થતા અને તીવ્રતા અને એને તળિયામાં ગયા વગર કાંઈ થાતું જ નથી. ઈ તો એમ ને એમ મંદગતિ કરે. થોડો તીવ્ર ને થોડું મંદ, મંદ ને તીવ્ર એમને એમ હાલ્યા જ કરે તો તો એમને એમ વર્ષોના વર્ષો હાલ્યા જાય. એનો પ્રકાર ઈ છે એ તો પોતાને જ કરવાની વાત છે. યથાર્થ ભેદજ્ઞાન 'હું તો ન્યારો છું' એને ન્યારો થવાનો પ્રયત્ન કરવો. એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. તીવ્રતા વગર થાય જ નહીં. ૩૮.

● (પોતા માટે બોલે છે) બહેનશ્રી : મંદતા કેમ રહે છે? હજી પરિભ્રમણ કેમ ઊભું છે? કેમ મંદતા રહે છે? હજી શું અંદરથી નથી લાગી? આમ આમ કાંઈક તીવ્ર વિચારો આવતા'તા, એટલે પછી એવા પ્રસંગે જિજ્ઞાસાનું જોર હોય એ પ્રમાણે પુરુષાર્થ ઉપડે, આટલા વર્ષો ગયા હજી શું? ક્યાં સુધી પુરુષાર્થ? એમ થયા કરે એમને એમ રખડે ને થાકી જાય. ગુરુદેવનો પ્રતાપ એવી ઉગ્રતા સાથે (આવી ગઈ). ૩૯.

* પ્રશ્ન : (તમને) નાની ઉંમર ને? અમને તો અત્યારે પણ નથી થતું?

● ઉત્તર : ગયા, આટલા ગયા. પંદર ગયા, સત્તર ગયા. હવે

વીસ જાશે, પચ્ચીસ જતાં શું વાર લાગશે? આવા કાંઈ કાંઈ વિચાર આવ્યા કરે. ભગવાનના સમવસરણમાં જાય ને ભગવાનની દિવ્યધ્વનિ છૂટે ને અંતર્મુહૂર્તમાં કોઈ જીવ એકદમ ન્યારો થઈ જાય. અંતર્મુહૂર્તમાં ન્યારો થઈ જાય ને કોઈ જીવ ને પ્રયાસ કરતા કરતા થાય. કોઈને એમ પણ થાય છે. શિવભૂતિ મુનિ, ગુરુએ કીધું કે બે જુદા છે. 'માતુષ ને મારુષ' પણ ભૂલી ગયા શબ્દ. ભાવ યાદ રહી ગયા તો ગુરુએ ભેદજ્ઞાન કરવાનું કીધું'તું. દાળ ને ફોતરા જેમ. તો પોતે ભેદજ્ઞાન કરીને પોતાને પોતાથી સમ્યક્દર્શન તો થયું પણ ક્યાંય સુધી પહોંચી ગયા. અંતર્મુહૂર્તમાં. એવું છે કોઈ જીવની પુરુષાર્થની ગતિ કેવી રીતે હાલે છે? કેવળજ્ઞાન પામી ગયા અંતર્મુહૂર્તમાં. ૪૦.

**✻ પ્રશ્ન : યોગ્યતા ખીલવી ખીલવાતી હશે કે સહજ દ્રવ્યની એ પ્રકારની કોઈ યોગ્યતા?**

● ઉત્તર : એની પુરુષાર્થની ગતિ સહજપણે હોય છે. પણ કરનારને તો એમ જ રહે ને કે મારા પુરુષાર્થની મંદતા છે. 'હું પુરુષાર્થ કરું તો થાય'. ઈ એમ ન લે કે સહજ પુરુષાર્થની યોગ્યતાથી થવાનું હશે એમ થાશે. તો થાય જ નહીં. કરનારનું તો પુરુષાર્થ ઉપર વજન હોય તો જ એનો પુરુષાર્થ રહે. બધાની અંદર કાળ, સ્વભાવ ને એમાં પુરુષાર્થની મુખ્યતા છે. એના ઉપર એનું જોર હોય તો જ પુરુષાર્થ થાય કે 'સહજ યોગ્યતા હશે. ભગવાને જ્યારે જોયું હશે ત્યારે થશે' તો ભગવાને પણ તારો પુરુષાર્થ જ જોયો છે. એમ તો તને એમ આવશે કે 'હું પુરુષાર્થ કરું' તો પુરુષાર્થ થાશે, જો તને એમ આવશે કે 'થાવાનું હશે ત્યારે થાશે' તો એવી રીતે થાય કે જેના હૃદયમાં એમ હોય કે થાવાનું હશે ત્યારે થાશે તો એમ થાતું જ નથી. જેને પુરુષાર્થની ગતિ આવે એને જ થાય છે. એ એના દ્રવ્યની જ સહજ યોગ્યતા એવી હોય છે. કરનારને તો એમ જ રહેવું જોઈએ કે મારો પુરુષાર્થ મંદ છે. બધા કાર્ય ભેગા થાય તો જ થાય. કરનાર એમ ન કહે કે સહજ દ્રવ્યની યોગ્યતા છે તો એ એક પડખું એણે

ગ્રહણ કર્યું ને પુરુષાર્થનું પડખું છોડી દીધું. પુરુષાર્થનું પડખું લક્ષમાં રાખે. પુરુષાર્થ ભેગો હોય તો જ થાય છે. ૪૧.

✻ પ્રશ્ન : અભ્યાસ ઓછો હોય તો એણે કેવી રીતે કરવું?

● ઉત્તર : અભ્યાસ ઓછો હોય તો એક મૂળ પ્રયોજનભૂત તત્વને ગ્રહણ કરી લેવું. પ્રયોજનભૂત તત્વને ગ્રહણ કરી લેવું ગુરુદેવ કહે છે. એક આત્માને ગ્રહણ કરી લેવો. આ બધું જુદું, હું એનાથી જુદો ચૈતન્ય તત્વ છું. એમાં ઝાઝા અભ્યાસની કાંઈ જરૂર નથી. શિવભૂતિ મુનિએ એક ભેદજ્ઞાન કર્યું તો આત્મા ગ્રહણ કરી લીધો. એક શબ્દ પણ યાદ નહોતો રહેતો. પણ ભાવ ગ્રહણ કરી લીધો. ગુરુએ 'માષતુષ' કહ્યું 'મારૂષ ને માતુષ' યાદ ન રહ્યું. માસ તુષ– આ ફોતરા જુદા ને દાળ જુદી. એમ આત્મા આ ચૈતન્ય તત્વ જુદુ ને આ વિભાવ ફોતરાં જુદા છે એમ ગ્રહણ કર્યું. મૂળ પ્રયોજનભૂત તત્વ ગ્રહણ કરી લે તો તેમાં કાંઈ ઝાઝા અભ્યાસની જરૂર નથી. એક આત્મા જુદો પ્રયોજનભૂત તત્વ છે. એમ 'હું ચેતન તત્વ જ્ઞાયક; હું એક અભેદ' એમાં કોઈ જાતના ભેદભાવ એ બધા ગૌણ છે. 'હું અખંડ ચેતન તત્વ છું' પછી જ્ઞાનમાં બધું જાણે છે. પણ 'એક અખંડ ચૈતન્ય જ છું.' એને ગ્રહણ કર. ૪૨.

✻ પ્રશ્ન : સમ્યક્‌દર્શન સરળ છે?

● ઉત્તર : સરળ છે. પોતાનો સ્વભાવ છે માટે સરળ છે. અનાદિનો અભ્યાસ નથી. વિભાવનો અભ્યાસ છે માટે દુર્લભ ને કઠણ થઈ પડ્યું છે; કારણ કે અનાદિનો વિભાવનો અભ્યાસ થઈ રહ્યો છે કે પોતે પોતાને ભૂલી ગયો છે. એટલે કઠણ થઈ પડ્યો છે. બાકી પોતાનો સ્વભાવ જ છે માટે સરળ પણ છે ને કઠણ પણ છે કારણ કે અનાદિથી પોતે બહારમાં દોડ્યો જાય છે. અંતરદૃષ્ટિ કરી નથી. પણ ગુરુદેવે માર્ગ બહુ સરળ કરી દીધો છે. કાંઈ ક્યાંય ગોતવા જવું પડે કે કાંઈ કોઈને પૂછવા જાવું પડે? ગુરુદેવે જ બધું બતાવી દીધું છે ને ગુરુદેવનો સાક્ષાત્‌ ઉપદેશ સાંભળીને–બધાએ

ઘણીવાર સાંભળ્યો છે. એકદમ સરળ માર્ગ કરી દીધો છે. માત્ર પોતાને પુરુષાર્થ કરવાનો જ રહે છે. જે કાંઈ જાણતો નથી. માત્ર ક્રિયામાં પડ્યા રહ્યા. શુભભાવથી ધર્મ થાય એવું માનતા, કંઈ ચેતન તત્વનો શું સ્વભાવ—કોઈ અદ્‌ભૂત તત્વ સ્વાનુભૂતિ કાંઈ સમજતા ન હોય એને તો વળી કઠણ. આ તો ગુરુદેવે તો એકદમ સરળ કરી દીધો છે. માત્ર પોતાને પુરુષાર્થ કરવાનો જ બાકી રહે છે. ૪૩.

✻ પ્રશ્ન : આ ક્ષાયિક સમકિતીના ધણી લડાઈના મેદાનમાં તલવાર લઈને માથું કાપતા હોય નવાઈ નહીં લાગતી હોય ? એ કેમ ?

● ઉત્તર : એટલી એની અધૂરાશ છે. ભાવના તો ઉગ્ર છે. અધુરાશ છે. અંદર ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એકત્વબુદ્ધિ નથી. અલ્પ રાગ છે. રાગનો રાગ છે. એટલે એ લડાઈના મેદાનમાં હોય તોપણ ન્યાયથી એનું વર્તન હોય છે. પણ બહારની ક્રિયા એ હોય છે. એ અંતરની પરિણતિ. અંતર જોવાના, દેખવાના—હાથીના દાંત જુદા અંતરના જુદા હોય છે. એમ લાગે કે કેમ કરી શકતા હશે? લડાઈમાં કેમ ઉભા રહી શકતા હશે? એવા સંયોગો આવી જાય. ૪૪.

✻ પ્રશ્ન : બાકી જ્ઞાની તો પોતાના સ્વભાવમાં જ ઊભા હોય. બહારમાં ઊભા છે જ ક્યાં?

● ઉત્તર : સ્વભાવની પરિણતિમાં પોતે ઊભા છે. બાહ્ય દેખાવમાં અલ્પ રાગ છે. અલ્પ રાગ છે. પછી ભાવના થાય તો મુનિ થઈને ચાલ્યા જાય છે. એમ થઈ જાય છે. પોતાની રુચિ, એટલી જાગૃત પોતાની એવી રુચિ હોવી જોઈએ કે 'મારે આ જ જોઈએ છે, બસ! બીજું કાંઈ નથી જોઈતું, મારે જોઈએ છે તે એક આત્મા જ જોઈએ છે.' બીજો વિભાવનો રસ તૂટી ગયો છે. એ છોડી નથી શકતો પણ અંદરથી રુચિ આત્માની લાગવી જોઈએ. આચાર્યદેવ કહે છે કે પ્રીતિથી એની વાર્તા પણ, એનું શ્રવણ પણ પ્રીતિપૂર્વક કર્યું છે એ અપૂર્વ ભાવે તો એ ભવિષ્ય નિર્વાણનું ભાજન થાય છે. તત્વની એટલી રસિકતા અંદરથી આવે છે. ૪૫.

✻ બહેનશ્રી : એ આનંદ આવે ઈ કાંઈ જિનેન્દ્રદેવ, ગુરુ, શાસ્ત્ર જે બતાવી રહ્યા છે. એ સાધના અને સાધ્ય અને સાધકભાવ, ....

● કાંઈ સાધ્ય સ્વરૂપ આત્મા, એ અનાદિ અનંતતત્વ ચૈતન્ય તત્વ એની એ એની બધી જે વાત સાધ્ય સાધકની ભાવના એ બધી વાતમાં કોઈ અપૂર્વતા લાગે ને શ્રુતશાસ્ત્રમાં જે આવે છે એ વાતને કોઈ એની અંદર ચમત્કાર જેવું લાગે કે આ કાંઈક જુદું છે. એવી અપૂર્વતા લાગે તો એ ભાવિ નિર્વાણનું ભાજન એમ શાસ્ત્રમાં આવે છે. જેને જેની પ્રીતી લાગે, રુચિ લાગે ઈ તરફ એનો પુરુષાર્થ વળ્યા વગર રહેતો નથી. પછી એને કાળ (સમય) લાગે એ જુદી વાત છે. પણ અંતરમાં એની રુચિ એ તરફ પરિણમી જાય છે. તો અવશ્ય એ ઈ તરફ વળ્યા વગર રહેવાનો નથી. ૪૬.

✻ પ્રશ્ન : બહારની રુચિ નથી. છતાં પણ હજી એ વિકલ્પ તૂટી ને નિર્વિકલ્પદશા થાય છે તો આત્મા કેમ નથી પકડાતો ?

● ઉત્તર : એમાં પોતાની ખામી છે, એમાં બીજા કોઈ નહીં. પોતાની જ ખામી, શરીરથી જુદો, વિકલ્પથી જુદો જ્ઞાયક આત્મા અનુભવ સ્વરૂપ ગુરુદેવે બતાવ્યો છે. હવે પોતે કરી નથી શકતો એ પોતાની ખામી છે. ૪૭.

✻ પ્રશ્ન : એ નથી કરી શકતો એનું કારણ શું ?

● ઉત્તર : પુરુષાર્થની ખામી. પોતાની ખામી છે. એમાં કોઈનું કારણ નથી. પોતાની ખામી છે. ૪૮.

✻ પ્રશ્ન : કાળ પાકે ત્યારે થાય?

● ઉત્તર : કાળ પાકે તોય ન થાય. ગુરુદેવ કાળનું કીધું છે. કાળ કાંઈ રોકી શકે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ રોકી શકે? ગુરુદેવે કહ્યું છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે પોતાની સ્તંત્રતાનું જ કારણ છે. કર્મ રોકતું નથી. કાળ પણ રોકતું નથી. બીજા કોઈનું કારણ નથી પોતાના પુરુષાર્થની ખામી છે, પોતે પોતાનું જ કારણ છે,

બીજા કોઈનું કારણ નથી.અકારણ પારિણામિક દ્રવ્ય. પોતે જ પોતાનું કારણ પોતે જ. વિકલ્પ તૂટે, નિર્વિકલ્પ દશા થાય પોતાના પુરુષાર્થથી થાય. ન થાય તે પોતાના પુરુષાર્થના અભાવે નથી થાતું. ૪૯.

* પ્રશ્ન : પુરુષાર્થ કેમ નથી કરી શકતો ?

● ઉત્તર : જન્મ મરણ કર્યા એ પોતાની ખામી. જન્મમરણ કરનારો પોતે, જન્મમરણ ટાળનારો એ પોતે. શુભભાવથી પુણ્ય બંધાય. દેવલોકમાં જાય, અશુભથી અશુભગતિ મળે, નરક અને તિર્યંચ થાય. બાકી બેયનું સંકલ્પ વિકલ્પ શુભાશુભ ભાવથી અભાવ કરે. નિર્વિકલ્પદશા થાય. એ જ કરવાનું છે. પુરુષાર્થ પોતે કરવાનો છે. ભેદજ્ઞાન, દ્રવ્યદૃષ્ટિ. 'હું જ્ઞાયક છું.' આ વિકલ્પ તે પોતાનું સ્વરૂપ નથી. માટે ભેદજ્ઞાન ધારા ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે થાય તો મુક્તિ થાય. ભેદજ્ઞાનના અભાવથી મુક્તિ નથી થતી. ભેદજ્ઞાન. જે સિદ્ધિ પામ્યા તે ભેદજ્ઞાનથી જ પામ્યા. ભેદજ્ઞાનથી જ સ્વાનુભૂતિ થાય છે. દ્રવ્યદૃષ્ટિથી જ સ્વાનુભૂતિ થાય છે. એ જ કરવાનું છે. પોતાના પુરુષાર્થનું જ કારણ છે. પોતાના પ્રમાદને કારણે અટક્યો છે ને પોતાના પુરુષાર્થથી થાય. ભગવાને કીધું છે. એમ કરતો કરતો પોતે પોતામાં જ્ઞાન, પોતામાં આનંદ, પોતામાં ચૈતન્યતત્ત્વ શાશ્વત છે એને ઓળખવું એ જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. ઉંડા ઉતરે ને કરે તો પોતાના જ હાથમાં છે. કોઈ કાંઈ કરાવી નથી દેતું. દેવ ગુરુ શાસ્ત્ર એનું નિમિત્ત હોય છે. ગુરુની વાણી મળી પણ કરવાનું પોતાને જ છે. અનંત કાળથી દેશના મળી. દેશના મળી પછી એને ગ્રહણ કરવી પોતાના હાથની વાત છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય પુરુષાર્થ કરે તો થાય. ૫૦.

જય હો વિજય હો, બોલો ભગવતી માતનો જય હો.